પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા- ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૧૨૨ | ૧૧ જુલાઈ, ૨૦૧૮, બુધવાર; નિજ. જેઠ વદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

**ઈમરાનખાન પર હૂમલાની શક્યતા**

ચૂંટણી પ્રચાર દરમ્યાન પાકિસ્તાનના નેતાઓ પર હૂમલાઓ થઈ શકે છે. આંતક વિરોધી એજન્સીએ ઈમરાનખાન સહિત વિવિધ દળોના નેતાઓ પર હૂમલાની ચેતવણી આપી છે.

**અમિત શાહ પટણા જશે**

૨૦૧૯માં થનારી લોકસભાની ચૂંટણી માટે બિહારમાં ભાજપ અને જનતાદળ(યુ) વચ્ચે લાંબા સમયથી વિવાદ ચાલી રહ્યો છે. આ વિવાદનો ઉકેલ લાવવા ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ ટૂંક સમયમાં પટણા જશે. તેઓ નીતિશકુમાર સહિત મોટા નેતાઓ સાથે બેઠક યોજશે.

**રતનટાટા અને સંઘ પ્રમુખ એક મંચ પર**

પૂર્વ રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી બાદ હવે આગામી મહિને યોજાનાર એક કાર્યક્રમમાં ઉદ્યોગપતિ રતન ટાટા રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ્રમુખ મોહન ભાગવત સાથે એક મંચ પર જોવા મળશે.

**રજનીકાંતની પત્નિ વિરૂદ્ધ ટ્રાયલનો આદેશ**

એક જાહેરાત એજન્સીને ૩.૨ કરોડ રૂપિયાની ચૂકવણીનુ આશ્વાસન આપ્યા બાદ તેના પર અમલ નહી કરતા સુપ્રિમ કોર્ટે રજનીકાંતની પત્નિ લતા રજનીકાંતને ટ્રાયલનો સામનો કરવા આદેશ આપ્યો છે.

**વ્યાપાર સુગમતા રેન્કિંગ મામલે આંધ્ર ટોચ પર**

આંધ્રપ્રદેશને વ્યાપાર સુગમતા રેન્કિંગમાં પ્રથમ સ્થાન મળ્યુ છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે આ રેન્કિંગ આપ્યુ છે.

# ભારત-દક્ષિણ કોરિયા વચ્ચે ૧૧ સમજૂતિ કરાર

**કોરિયાના પ્રમુખ મુન સાથે મોદીની સફળ મંત્રણા : વેપાર, સંસ્કૃતિક, વિજ્ઞાન અને ટેકનોલોજી, રેલવે રિસર્ચ, બાયોટેકનોલોજીના ક્ષેત્રમાં સમજૂતિ પર હસ્તાક્ષર કરાયા**



નવી દિલ્હી,તા. ૧૦

ભારત અને દક્ષિણ કોરિયાએ આજે વેપાર, સંસ્કૃતિ, વિજ્ઞાન અને ટેકનોલોજી સહિત જુદા જુદા ક્ષેત્રોમાં ૧૧ સમજૂતિ ઉપર હસ્તાક્ષર કર્યા હતા. વિદેશમંત્રાલય દ્વારા નિવેદન જારી કરીને જણાવવામાં આવ્યું છે કે, બંને પક્ષોએ સીઈપીએ સમજૂતિ ઉપર પણ સંયુક્તરીતે હસ્તાક્ષર કર્યા છે. આનાથી બંને દેશો વચ્ચેના સંબંધો વધુ મજબૂત બનશે. એમઓયુ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા બાદ કારોબાર પણ વધવાની સંભાવના છે. સોમવારના દિવસે મોદી અને દક્ષિણ કોરિયાના પ્રમુખે નોઈડામાં દિગ્ગજ મોબાઈલ કંપની સેમસંગની સૌથી મોટી મોબાઈલ મેન્યુફેક્ચરિંગ યુનિટની સ્થાપના માટે આધારશીલા મુકી હતી. એમઓયુ હસ્તાક્ષર કરવાના પ્રસંગે મોદીએ કહ્યું હતું કે, દક્ષિણ કોરિયાના સહકારથી મેક ઈન ઈન્ડિયા મિશન હેઠળ ભારતમાં રોજગારની તકો પણ વધી રહી છે. તેમણે કહ્યું હતું કે જ્યાં સુધી નીતિઓની વાત છે. ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને રિપબ્લિક ઓફ કોરિયાની ન્યુ સદર્ન સ્ટ્રેટેજિના પણ એકજેવા કોમન ગ્રાઉન્ડ છે. દક્ષિણ કોરિયાના પ્રમુકે કહ્યું હતું કે, ભારત

● અનુસંધાન પાન-૭ પર

## અમરનાથ દર્શન માટે ૫૧૪૪ શ્રદ્ધાળુઓની ટુકડી રવાના થઈ

**વહેલી પરોઢે ૨.૫૦ વાગે શ્રદ્ધાળુઓ રવાના કરાયા : અમરનાથ યાત્રા શરૂ થયા બાદથી એક લાખ શ્રદ્ધાળુઓના દર્શન : ૨૬મી ઓગસ્ટના દિવસે વાર્ષિક યાત્રા પર્ણ કરાશે**



શ્રીનગર,તા. ૧૦

અમરનાથ દર્શન માટે આજે ૫૧૪૪ શ્રદ્ધાળુઓની નવી ટુકડી રવાના થઈ હતી. કાશ્મીર ખીણ માટે આ તમામ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા. સઘન સુરક્ષા વ્યવસ્થા વચ્ચે આજે સવારે ૫૧૪૪ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા જે પૈકી પરંપરાગત પહેલગામ માટે ૩૩૨૨ શ્રદ્ધાળુઓ રવાના થયા હતા જ્યારે ૧૮૨૨ શ્રદ્ધાળુઓ બાલતાલ બેઝકેમ્પ માટે રવાના થયા હતા. ભગવતીનગર યાત્રી નિવાસથી વહેલીપરોઢે ૨.૫૦ વાગે ૬૭ વાહનોમાં આ શ્રદ્ધાળુ રવાના થયા હતા. ૧૮૨૨ બાલતાલ જતા યાત્રીઓ છે જ્યારે બીજા ૧૨૪ વાહનોમાં અન્ય યાત્રીઓ રવાના થયા હતા. એક લાખથી વધુ શ્રદ્ધાળુઓ હજુ સુધી અમરનાથના દર્શન કરી ચુક્યા છે. ભારે વરસાદ. ખરાબ હવામાન અને છેલ્લે કુખ્યાત ત્રાસવાદી બુરહાન વાનીની વરસીને ધ્યાનમાં લઈને સુરક્ષા કારણોસર અમરનાથ યાત્રા બંધ રાખવામાં આવી હતી. બાલતાલ અને પહેલગામ બેઝ કેમ્પમાં પહેલાથી જ રહેલા શ્રદ્ધાળુઓને રવાના કરવામાં આવ્યા છે. ૨૮મી જૂનના દિવસે અમરનાથ યાત્રાની શરૂઆત થઈ હતી. ત્યારબાદથી સતત વરસાદ થવાના કારણે યાત્રામાં વારંવાર અડચણો આવી રહી છે. ૩૦મી જૂનના રોજ દિવસ દરમિયાન યાત્રાને રોકવામાં આવી હતી.

# મુંબઈમાં મેઘ તાંડવ : રસ્તા નદીમાં ફેરવાયા

મુંબઈ,તા. ૧૦

દેશના વાણિજ્ય પાટનગર ગણાતા મુંબઈમાં અતિભારે વરસાદનો દોર જારી રહ્યો છે. જેથી વરસાદથી તમામ રસ્તાઓ નદીઓમાં ફેરવાઈ ગયા છે. કમરસુધીના પાણી ભરાઈ ગયા છે. મુંબઈ વરસાદના પાણીમાં ગરકાવ

**નાલાસોપારા સહિતના અનેક વિસ્તારોમાં કમર સુધી પાણી : અતિ ભારે વરસાદનો દોર જારી રહેતા જનજીવન ઠપ : લાઇફલાઈન સમાન લોકલ ટ્રેન સેવાને બંધ કરવાની ફરજ : રેલવે ટ્રેક પર પાણી : ટ્રેનો રદ કરાઈ**

જનજીવન સંપૂર્ણપણે અસ્તવ્યસ્ત થઈ ગયું છે. ભારે વરસાદના કારણે લાઈફલાઈન પણ ઠપ છે. તમામ જગ્યાઓએ ટ્રેક ઉપર પાણી ફરી વળ્યા છે. મુંબઈમાં ભારે થયું છે. સેંકડો લાઈટોને પણ અસર થઈ છે. મોટી સંખ્યામાં ટ્રેનોને રદ કરવામાં આવી છે. પુર જેવી સ્થિતિ સર્જાઈ ગઈ છે. લોકોને બચાવવા

● અનુસંધાન પાન-૭ પર



# સૂત્રાપાડા-કોડીનારમાં બારેમેઘ ખાંગા



અમદાવાદ,તા. ૧૦

દક્ષિણ ગુજરાતમાં વલસાડ, ઉમરગામ અને ધરમપુર સહિતના પંથકોમાં મેઘરાજાએ ભારે મહેર કર્યા બાદ આજે દક્ષિણ સૌરાષ્ટ્રનાં ગીર સોમનાથ જિલ્લાને મેઘરાજાએ ઘમરોળ્યો હતો અને રાત્રે ૧૨ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધીમાં કોડીનાર-સુત્રાપાડામાં મેઘ તાંડવ સર્જાયું હતું. મેઘરાજા સાંબેલાધારે વરસતા સુત્રાપાડામાં માત્ર ૬ કલાકમાં ૯ ઈંચ વરસાદ અને કોડીનારમાં ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો. જેને પગલે સૂત્રાપાડા-કોડીનાર પંથકો જાણે બેટમાં ફેરવાયા હતા. સોમાત નદીમાં ઘોડાપૂર આવવાની સાથે સર્વત્ર જળબંબાકારની સ્થિતિ સર્જાઈ હતી. બીજીબાજુ, દક્ષિણ ગુજરાતના વલસાડ-ઉમરગામ સહિતના પંથકો અને અમેરલીના રાજુલા, ખાંભા, જાફરાબાદ સહિતના પંથકોમાં સતત ત્રીજા દિવસે મેઘ મહેર જારી રહી હતી. અમરેલીના આ પંથકોમાં

**સૂત્રાપાડા-કોડીનારમાં ૯ ઇંચથી વધુ વરસાદ : અમરેલીના રાજુલા, ખાંભા સહિતના પંથકોમાં તોફાની વરસાદ : અતિ ભારે વરસાદને પગલે સૂત્રાપાડા-કોડીનાર બેટમાં ફેરવાયા : અમરેલી પંથકની નદીઓમાં ઘોડાપૂર : ખાંભામાં માત્ર ત્રણ કલાકમાં પાંચ ઇંચ વરસાદ**

● અનુસંધાન પાન-૭ પર

## પીડીપીમાંથી ૧૪ ધારાસભ્યોના રાજીનામાની વધતી શક્યતા

**મહેબૂબાની મુશ્કેલીઓ વધી : ભાજપની સરકાર રચાવાના ચક્રો ગતિમાન**

શ્રીનગર,તા.૧૦

જમ્મૂ-કાશ્મીરમાં મહેબૂબા મુફ્તીની પીપલ્સ ડેમોક્રેટિક પાર્ટીના ભવિષ્ય પર ખતરો મંડરાઈ રહ્યો છે. પાર્ટીના નેતા અને ધારાસભ્ય ખુલ્લેઆમ પાર્ટી વિરોધી સૂર બોલી રહ્યા છે. તે પાર્ટી નેતૃત્વ પર પરિવારને પ્રોત્સાહન આપવાનો આરોપ લગાવી રહ્યા છે. ભારતીય જનતા પાર્ટીની સરકારે સમર્થન પાછું ખેંચ્યા બાદ રાજ્યમાં પીડીપી માટે મુશ્કેલીઓ વધી ગઈ છે.

જાદીબલથી પીડીપીના નારાજ નેતા આબિદ અંસારીએ દાવો કર્યો છે કે ૧૪ ધારાસભ્ય પાર્ટી છોડવા માટે તૈયાર છે. શિયા નેતા ઈમરાન અંસારી રજા અને અંસારીએ ગત અઠવાડિયે પીડીપી છોડવાની જાહેરાત કરી હતી. જો કે, મહેબૂબાએ પોતાના ભાઈ તસદુક સિદ્દીકીને પર્યટન મંત્રી બનાવ્યા હતા અને મામા સરતાજ મદનીને ભ્રષ્ટાચારના આરોપો લાગ્યા હોવા છતાં ઘણા અધિકાર આપ્યા હતા. આ વાતથી નેતાઓ નારાજ છે.

બારામુલાથી ધારાસભ્ય જાવિદ હુસૈન બેગે મુફ્તી પર રાજ્યમાં પોતાનું ચલાવવાના આરોપ લગાવ્યા હતા. તેમણે પાર્ટી છોડવાનો નિર્ણય પોતાના સંબંધીઓ અને સાંસદ મુજફ્ફર હુસૈન બેગ પર છોડી દીધો છે. ગુલમર્ગ ધારાસભ્ય મોહમ્મદ અબ્બાસ વાનીએ પણ પરિવારવાદ અને ભ્રષ્ટાચારના આરોપ લગાવતા પાર્ટી છોડવાની જાહેરાત કરી હતી.



મહેબૂબાએ ગત અઠવાડિયે ઘણા ધારાસભ્યો અને પાર્ટી નેતાઓ સાથે એક-એક કરીને મુલાકાત કરી હતી. પાર્ટી સૂત્રોના મતે, પાર્ટીના વરિષ્ઠ નેતાઓ જેવા કે વીઆર વીરી, જીએન લોન, મોહમ્મદ ખલીલ બંદ, જહૂર મીર, એણવાઈ ભટ, નૂર મોહમ્મદ ભટ, યાવર દિલાવર મીર અને અજાજ અહમદ મીરે મુફ્તીને સમર્થનનો ભરોસો અપાવ્યો છે.

## બ્રિટનમાં ઘેરું રાજકીય સંકટ : ૨૪ કલાકમાં ત્રણ પ્રધાનોનાં રાજીનામાં

લંડન,તા.૧૦

છેલ્લા ૨૪ કલાકમાં બ્રિટન સરકારના ત્રણ પ્રધાનોએ બ્રેક્ઝિટના મામલે રાજીનામાં આપી દેતાં વડાં પ્રધાન થેરેસા મે સરકાર ઘેરા રાજકીય સંકટમાં મુકાઈ ગઈ છે. બ્રેક્ઝિટ પ્રધાન ડેવિસ ડેવિસ, જુનિયર બ્રેક્ઝિટ પ્રધાન સ્ટીવ બેકરના રાજીનામા બાદ બ્રિટનના વિદેશ પ્રધાન બોરિસ જોનસને રાજીનામું આપી દીધું છે. આ સાથે જ બ્રિટન સરકારમાં રાજકીય ઊથલપાથલ શરૂ થઈ ગઈ છે.

બ્રિટનનાં વડાં પ્રધાન થેરેસા મેની બ્રેક્ઝિટ રણનીતિના કારણે હવે સરકારની કેબિનેટમાં ઉગ્ર મતભેદો ઊભા થયા છે. યુરોપિયન સંઘથી બ્રિટનના અલગ થવાની તારીખ નજીક આવે તે પહેલાં જ વડાં પ્રધાન થેરેસા મે પર રાજકીય દબાણ વધી ગયું છે. આ સંજોગોમાં બ્રેક્ઝિટ કેમ્પેનના ચહેરા મનાતા અને સરકારમાં નંબર-૨નું સ્થાન ધરાવતા બ્રિટનના વિદેશ પ્રધાન બોરિસ જોનસનનું રાજીનામુ થેરેસા મે માટે એક મોટા ફટકારૂપ માનવામાં આવી રહ્યું છે.

૨૦૧૬માં બ્રિટનની થેરેસા મે સરકારે જનમત સંગ્રહ દ્વારા યુરોપિયન સંઘમાંથી બહાર નીકળવાનો નિર્ણય કર્યો હતો. આ ફેંસલા હેઠળ ૨૮ સભ્યોના યુરોપિયન સંઘમાંથી બ્રિટને ૨૯ માર્ચ, ૨૦૧૯ના રોજ અલગ

● અનુસંધાન પાન-૭ પર

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

## ભારત સાથે શાંતિ સ્થાપિશું ઈમરાનખાનની ઘોષણા

ઈસ્લામાબાદ,તા.૧૦

પાકિસ્તાનમાં આ મહિને સામાન્ય ચૂંટણી યોજાશે. જેને લઈને રાજકીય પાર્ટીઓ પોતાનો એજન્ડા પાકિસ્તાનની જનતા સમક્ષ રજૂ કરી રહી છે. પાકિસ્તાનમાં ક્રિકેટરમાંથી રાજનેતા બનેલા ઈમરાન ખાને પોતાનું ચૂંટણી ઘોષણાપત્ર જાહેર કર્યું છે. જેમાં તેણે પાકિસ્તાનને ઈસ્લામિક કલ્યાણકારી રાજ્ય બનાવવાનો વાયદો કર્યો છે.વધુમાં ઈમરાન ખાને પોતાના ચૂંટણી ઘોષણા પત્રમાં પાડોશી દેશ ભારત સાથે પ્રદેશમાં શાંતિ સ્થાપિત કરવા માટે નીતિ બનાવવાની પણ વાત કરી છે.આ ઉપરાંત ઈમરાન ખાને તેના ઘોષણાપત્રમાં કશ્મીર મુદ્દાનું UNSCના પ્રસ્તાવ અંતર્ગત સમાધાન લાવવાની પણ વાત કરી છે.

ઈમરાન ખાનના પાર્ટી ઘોષણા પત્રમાં જણાવવામાં આવ્યું છે કે, આપણા ક્ષેત્રમાં શાંતિ સ્થાપિત કરવા અને ખાસ તો ભારત સાથે સંઘર્ષ વિરામ કરવા સુરક્ષા અને સહયોગની નીતિ બનાવવાનુ મુખ્ય કાર્ય અમારા એજન્ડામાં છે.

ભાડે/વેચાણથી આપવાના છે.
DOCTOR (Clinic/Hospital)/Insurance Co. લાયક જગ્યા ૧૬૦૦ ફુટ. પહેલો માળ, લીફ્ટ સાથે, Front Entry સે.૬ અપના બજાર પાસે
FACTORY (પ્લોટ ૯૦૦ મિ., ૪૦૦મિ.B-UP (Ready to Move) GIDC, Sec.25
BUNGALOW 330 મિ. 4BHK, Semi.Fur.,for Co. Guest House/Office, Sec.8
SALE FLAT 2 BHK, 105 yd., Swagat Rainforest-4, Sargasan
THE SPACE 93288 01440, 93287 01440

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460